# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સરકારને કરુણાથી ભરેલી અને ગરીબ કલ્યાણ પ્રત્યે સમર્પિત ગણાવી.

2) પ્રધાનમંત્રી આવતીકાલે જમ્મુ અને કાશ્મીરના પ્રવાસ દરમિયાન રેલવે પરિયોજનાઓને રાષ્ટ્રને સમર્પિત કરશે.

3) વિદેશ મંત્રી ડૉ. જયશંકરે નવી દિલ્હીમાં કઝાખસ્તાનના નાયબ પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી.

4) અરુણાચલ પ્રદેશમાં વરસાદના કારણે 33 હજારથી વધુ લોકો અસરગ્રસ્ત.

5) ફ્રેન્ચ ઑપન ટેનિસમાં આજે મહિલા સિંગલ્સનો સેમિ-ફાઈનલનો મુકાબલો.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM GARIB KALYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સરકારને કરુણાથી ભરેલી અને ગરીબ કલ્યાણ પ્રત્યે સમર્પિત ગણાવી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ- NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર, લોકોને ગરીબીમાંથી બહાર લાવવાના કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા પગલાઓનો પણ ઉલ્લેખ કર્યો.

(V/C- VAISHNAVI BEN)

# PM ENVIRONMENT DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે વિશેષ વૃક્ષારોપણ અભિયાનનું નેતૃત્વ કર્યું. તેમણે “એક પેડ મા કે નામ” પહેલ અંતર્ગત વડના વૃક્ષનો છોડ રોપ્યો. આ છોડ અરવલ્લી ગ્રીન વૉલ પરિયોજનાના એક ભાગરૂપે લગાવાયો. તેનો ઉદ્દેશ અરવલ્લીની પર્વતમાળાના 700 કિલોમીટર ક્ષેત્રમાં પુનઃવનીકરણ કરવાનો છે.

પરિયોજનાનો ઉદ્દેશ દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાત સહિત ચાર રાજ્યના 29 જિલ્લામાં અરવલ્લી પર્વતમાળાની આસપાસના પાંચ કિલોમીટરના અનામત ક્ષેત્રને હરિયાળો બનાવવાનો છે. ઉપરાંત તેનો ઉદ્દેશ વનીકરણ, પુનઃવનીકરણ અને જળ એકમોના જિર્ણોદ્ધારની સાથે અરવલ્લીની જૈવ વિવિધતાને વધારવાનો છે. સાથે જ તેનો ઉદ્દેશ ક્ષેત્રની જમીનની ફળદ્રુપતા, જળ ઉપલબ્ધતા અને આબોહવા સ્થિતિ સ્થાપકતામાં સુધારો કરવાનો પણ છે. આ પરિયોજના સ્થાનિક સમુદાયોને રોજગાર અને આવક ઉત્પન્ન કરીને લાભ પૂરો પાડશે.

# PRADHAN ENVIRONMENT DAY

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં વૃક્ષારોપણ કરી “એક પેડ મા કે નામ” અભિયાનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો. કાર્યક્રમ દરમિયાન તેમણે મિશન લાઈફના ઈકો ક્લબોની પ્રવૃત્તિઓની દેખરેખ માટેના વેબ પોર્ટલ સહિત આ અભિયાનના બીજા તબક્કા પર વિશેષ મોડ્યૂઅલ અને વેબસાઈટ પણ રજૂ કરી. શ્રી પ્રધાને વર્ષ 2070 સુધી નેટ ઝીરોની કલ્પના કરવા બદલ ભાવિ પેઢીઓને તૈયાર કરવા પર પણ ભાર મૂક્યો.

(BYTE- DHARMENDRA PRADHAN- EDUCATION MINISTER)

# PM JK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જમ્મુ-કાશ્મીરના પ્રવાસ દરમિયાન ઉધમપુર-શ્રીનગર- બારામૂલા રેલવે પરિયોજનાઓને રાષ્ટ્રને સમર્પિત કરશે. 272 કિલોમીટરની આ પરિયોજનાનું નિર્માણ અંદાજે 44 હજાર કરોડ રૂપિયાના ખર્ચથી કરાયું છે. પરિયાજના સંપૂર્ણ રીતે વીજળીકૃત રેલવે લાઈનો છે અને તેમાં 36 ટનલ અને 943 બ્રિજ સામેલ છે. પરિયોજના હેઠળ ચિનાબ બ્રિજ વિશ્વનો સૌથી ઊંચો રેલવે આર્ચ બ્રિજ અને દેશનો પહેલો કૅબલ આધારિત રેલવે બ્રિજ છે.

શ્રી મોદી બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને પણ લીલીઝંડી બતાવશે  એક ટ્રેન શ્રીમાતા વૈષ્ણોદેવી કટરાથી શ્રીનગર અને બીજી શ્રીનગરથી કટારા સુધી દોડશે. ખાસ કરીને સરહદી ક્ષેત્રોમાં સંપર્ક માટે પ્રધાનમંત્રી વિવિધ માર્ગ પરિયોજનાઓનું પણ શ્રી મોદી લોકાર્પણ કરશે. તેઓ કટરા ખાતે 350 કરોડ રૂપિયાથી વધુની શ્રી માતા વૈષ્ણોદેવી ઇન્ટિટ્યૂટ ઑફ મૅડિકલ એક્સલેન્સનું પણ ખાતમુહૂર્ત કરશે.

# J&K ASHWINI VAISHNAW

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, જમ્મુ રેલવેમથકનું કામ સપ્ટેમ્બરમાં પૂર્ણ થયા પછી જમ્મુ અને શ્રીનગર વચ્ચેની સીધી ટ્રેન દોડાવાશે. જમ્મુ રેલવે મથકનું કામ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ થઈ શકે છે. શ્રી વૈષ્ણવે આજે જમ્મુ રેલવેમથકની મુલાકાત લીધી. દરમિયાન તેમણે હાથ ધરાયેલા કાર્યોનું નિરીક્ષણ કર્યું. કાશ્મીર માટે બહુપ્રતિક્ષિત ટ્રેન સેવાના પ્રારંભની તૈયારીઓના ભાગરૂપે તેમણે આ મુલાકાત લીધી.

(BYTE- ASHVINI VAISHNAV, RAILWAY MINISTER)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EAM KAZAKHSTAN

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે આજે નવી દિલ્હીમાં કઝાખસ્તાનના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી મુરત નૂરલુ સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન ડૉક્ટર જયશંકરે બંને દેશ વચ્ચેના સંબંધને મજબૂત કરવા પર સહકાર સમજૂતી પર હસ્તાક્ષર કર્યા. તેમણે રાજનીતિ, વેપાર, રોકાણ અને ઊર્જા સહકાર પર ધ્યાન કેન્દ્રીત કરવા બદલ ભારત અને કઝાખસ્તાન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની વિવિધ પહેલ અંગે પણ ચર્ચા કરી.

# REV SPECIAL FEATURE 11 YEARS

ભારતે સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતોથી પ્રેરણા લઈ ગત એક દાયકામાં નોંધપાત્ર પરિવર્તન કર્યું છે. આકાશવાણી સમાચાર ગત 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રમાં સરકારની સિદ્ધિઓ પર કેન્દ્રીત એક વિશેષ શ્રેણી રજૂ કરી રહ્યું છે. આજે આપણે કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જન પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ, જે ભારતની "અમૃત પેઢી – યુવા પેઢી"ને સશક્ત બનાવવાની ચાવી છે.

(V/C- SAMEER ANSARI)

*(....સરકાર શિક્ષણ અને રમતગમતના માધ્યમથી યુવાનોના ભવિષ્યના સપનાનો પાયો નાખી રહી છે. શિક્ષણ ક્ષેત્રે સરકારે સમગ્ર અને સમાવેશક શિક્ષણ સુનિશ્ચિત કરવા મહત્વાકાંક્ષી વ્યૂહરચના બનાવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 હેઠળ સરકારનું લક્ષ્ય વર્ષ 2030 સુધીમાં દેશભરની શાળાઓમાં પ્રિ-સ્કૂલથી માધ્યમિક સ્તર સુધી 100 ટકા અને વર્ષ 2035 સુધી ઉચ્ચ શિક્ષણમાં 50 ટકા નામાંકન કરાયા. વર્ષ 2014માં દેશના ઉચ્ચ શિક્ષણ સંસ્થાની સંખ્યા 51 હજાર હતી, જે આજે વધીને 70 હજારથી વધુ થઈ છે. તેમાં IIT, IIM અને ઍઈમ્સ જેવી શિક્ષણ સંસ્થા વધુ છે. PMશ્રી યોજના હેઠળ દેશભરમાં સાડા 14 હજાર શાળાની કાયાપલટ કરવામાં આવી રહી છે. રમતગમત ક્ષેત્ર પણ સરકારની રાષ્ટ્રીય પ્રાથમિકતામાં છે. ખેલો ઇન્ડિયા અભિયાન હેઠળ દેશભરમાં એક હજારથી વધુ તાલીમ કેન્દ્ર શરૂ કરાયા છે. તેમજ ત્રણ હજાર યુવા ખેલાડીઓને વાર્ષિક છ લાખ રૂપિયાથી વધુની સહાય અપાઈ રહી છે. ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ યોજના હેઠળ દેશના ટોચના ખેલાડીઓને વિશેષ તાલીમ અને સંશાધન પણ પૂરા પાડવામાં આવે છે. ભારતે ગત બે ઑલિમ્પિકમાં 13 ચંદ્રક જીત્યા છે. એટલું જ નહીં, પૅરિસ પેરાલિમ્પિકમાં વિક્રમજનક 29 ચંદ્રક મેળવ્યા છે. ભારત પોતાના યુવાનોને ભણતર સાથે તેમને મોટા સ્વપ્ન જોવા, ઝડપથી આગળ વધવા અને ક્યારેય ન રોકાવવાનું શિખવી રહ્યું છે.*

*રહિસુદ્દીન રિહાન સાથે સમીર અન્સારી, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

# ARUNACHAL RAIN

અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદના કારણે 33 હજારથી વધુ લોકો અસરગ્રસ્ત થયા. પૂર અને ભૂસ્ખલનના કારણે અનેક આંતરિયાળ ગામડાઓથી સંપર્ક તૂટી ગયો છે. દિબાન્ગ ખીણ જિલ્લામાં અથુનલ ગામ સૌથી વધુ અસરગ્રસ્ત છે. આ ગામમાં અનેક ઘર પાણીમાં તણાયા તેમજ ખેતરો પણ પૂરના પાણીથી ભરાઈ ગયા છે.

આ આપત્તિથી અનેક પરિવાર ઘરવિહોણા અને વિસ્થાપિત થયાના પણ અહેવાલ છે. દિબાન્ગ ખીણ જિલ્લા વહીવટી તંત્ર તલોહ નદીને પાર માવલી ગામમાં ફસાયેલા લોકો સુધી ડ્રૉનની મદદથી ખાદ્ય સામગ્રી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# FRENCH OPEN TENNIS

પૅરિસમાં ફ્રેન્ચ ઑપન ટૅનિસમાં મહિલા સિંગલ્સ અને પુરુષ સિંગલ્સનો હવે સેમિ-ફાઈનલ મુકાબલો રમાશે. મહિલા સિંગલ્સમાં બેલારુસનાં ટોચનાં ક્રમાંકિત આર્યના સબાલેંન્કા પૉલેન્ડના પાંચમાં ક્રમાંકિત ઈગા સ્વિએટૅક સામે રમશે. જ્યારે ફ્રાન્સનાં બિન-ક્રમાંકિત લૉઈસ બૉઈસન હમણાં વિશ્વનાં બીજા ક્રમાંકનાં ખેલાડી અમેરિકાનાં કૉકૉ ગૉફ સાથે રમશે.

જ્યારે પુરુષ સિંગલ્સની સેમિ-ફાઈનલ મૅચ આવતીકાલે રમાશે. વિશ્વના પહેલા ક્રમાંકના ખેલાડી જૈનિક સિનર, કાર્લોસ અલ્કરાઝ, નૉવાક જૉકોવિચ અને ઈટાલીનાં લૉરેન્જો મુસેટ્ટી સેમિ-ફાઈનલમાં રમશે.

# PUNJAB SHIVRAJ CHAUHAN

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે પંજાબના પટિયાલામાં રાજપુરા ખાતે યોજાયેલી કિસાન ચૌપાલમાં ખેડૂતો સાથે સંવાદ કર્યો. "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" હેઠળ સંવાદ કરતાં શ્રી ચૌહાણે કહ્યું, અભિયાન હેઠળ વૈજ્ઞાનિકો ખેતરોમાં જઈ ખેડૂતોને જમીન અથવા પર્યાવરણ સાથે જોડાયેલી સમસ્યાને સાંભળી રહ્યા છે. તેમજ સંબંધિત ખેતી આબોહવા ક્ષેત્ર હેઠળ કયો પાક યોગ્ય છે એ જણાવી રહ્યા છે.

શ્રી ચૌહાણે કહ્યું, આ પગલું ખર્ચ ઘટાડવા અને ઉત્પાદન વધારવા માટે લેવાઈ રહ્યું છે. તેમણે પંજાબના મહેનતુ ખેડૂત દેશની ખાદ્ય સુરક્ષામાં મહત્વનું યોગદાન આપી રહ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો.